શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્ર – અમરેલી દ્વારા પ્રકાશિત

# ટપક

વર્ષ : ૧ અંક ૨
માર્ચ ૧૯૯૯

(માત્ર શૈક્ષણિક હેતુથી મર્યાદિત વિતરણ માટે)
સંપાદક : સુરેખા મહેતા મુદ્રણાલય : શકિત ઓફસેટ, બહારપરા – અમરેલી.
માલિક, મુદ્રક અને પ્રકાશક : શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્ર ૯૫, જલારામનગર – ૨, અમરેલી.

### ટપક પ્રકાશન

સ્વૈચ્છિક કાર્ય સાથે સંકળાયેલ સંગઠનો અને તેના કર્મશીલો દ્વારા હાથ ધરાયેલા વિકાસ લક્ષી કાર્યો તથા સ્વયં લોકો દ્વારા ચાલતા કાર્યોને પ્રકાશમાં લાવવા માટે આ પત્રિકા દ્વારા એ પ્રયત્ન કર્યો છે. સંસ્થાના માધ્યમથી પ્રાપ્ત વિગતો રજુ કરી રહયા છીએ. દરેક વાચક મિત્રોને નમ્ર વિનંતી છે કે આપની આસપાસ ચાલતા વિકાસ કાર્યોની વિગતો આ સંસ્થાને મોકલી આપે.

ધીરૂ વાગડીયા

## ભાડ મુકામે શરૂ થયેલ રાત્રિ શિક્ષણ કાર્યશાળા

ખાંભા તાલુકાના ભાડ ગામે અવૈધિક શિક્ષણ કાર્ય છેલ્લા ત્રણ માસથી ચાલે છે. ગામના મંડળ દ્વારા બાળકોના થયેલ સર્વેક્ષણના આધારે ૩૨ બાળકો પૈકી ૨૮ બાળકો આ રાત્રિ વર્ગમાં શિક્ષણ લેવા આવી રહયા છે. કેન્દ્ર સંચાલક દયાબેન મસરીભાઈ મકવાણા રસપૂર્વક આ બાળકોને શિક્ષણ આપી રહયા છે.



ભાડ મુકામે રચાયેલ મંડળની સમિતિના સભ્યો યુવાન સરપંચશ્રી મહેન્દ્રભાઈ ત્રિવેદી પ્રમુખશ્રી શાંતિભાઈ સભાયા મંત્રીશ્રી અશોકભાઈ શેલાર આ કાર્યમાં ખૂબ જ રસ લઈ રહયા છે.

## પચપચીયા સમેત સાત ગામોમાં કાર્યરત થયેલ મહિલા બચત મંડળ

શિક્ષણ કેન્દ્ર–અમરેલીના સક્રિય પ્રયત્નોથી ખાંભા તાલુકામાં મહિલા બચત મંડળોની રચના માટે છેલ્લા એક વર્ષથી આ સંસ્થાની કાર્યકતા બહેનો દરેક ગામોએ ગ્રામીણ મહિલાઓ સાથે વ્યકિતગત, જુથ મિટીંગ દ્રશ્ય–શ્રાવ્ય સાધનો દ્વારા વાર્તાલાપ કરી રહી છે તેના પરિપાક રૂપે આજે સાત બચત મંડળો બહેનો દ્વારા ચાલી બહયા છે. આ મંડળોના નિયમો તથા કાર્યવાહીની પદ્ધતિ બહેનોએ જાતે તૈયાર કરી છે. આ કાર્ય માટે ચર્ચામાં પરોવાયેલી બહેનો



## પંચાયતી રાજ – સ્વશાસન તરફ

પંચાયતને સક્ષમ બનાવવા થઈ રહેલા પ્રયાસો પૈકી ગ્રામીણ ક્ષેત્રે અને રોજગાર મંત્રાલય દ્વારા એક કાર્ય જુથની રચના કરી છે. આ કાર્યજુથમાં વિષય આધારિત છ પેટા જુથોની રચના કરવામાં આવી છે. તેઓ જુદા જુદા રાજયોમાં મીટીંગ – સેમિનાર તથા કાર્યશાળાઓનું આયોજન કરીને અહેવાલો તૈયાર કરવાનું કામ કરશે.

સરદાર પટેલ રાજય વહિવટ ભવન દ્વારા તા. ૧૫/૨/૯૯ ના રોજ સેટેલાઈટ પર કાર્યક્રમ ડો. આમ્રપાલી મર્ચન્ટ તથા ડો. હેમાક્ષીબેન રાવ ના સંચાલન તળે યોજાયો શિક્ષણ કેન્દ્ર અમરેલીના કાર્યકર્તા મિત્રોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. ગુજરાતના તમામ જિલ્લા કેન્દ્રની સરખામણીએ અમરેલી કેન્દ્ર પર પદાધિકારીઓ તથા સ્વૈચ્છિક સંસ્થાના મિત્રોએ પંચાયતી રાજના આ મુદ્દાને ગંભીરતાથી લીધો હતો. કમાણી ફોરવર્ડ હાઈસ્કુલના અધ્યાપક શ્રી બિપીનભાઈ જોષી એ વિસ્તૃત પ્રશ્નોત્તરી કરી હતી. વિકાસલક્ષી કાર્યોને સ્વૈચ્છિક સંસ્થાઓ છેવાડાના માણસ સુધી લઈ જતી હોય તો આપણી આ ત્રિસ્તરીય પંચાયતોમાં તે કેમ શકય બનતું નથી ? તેઓ માર્મીક પ્રશ્ન શ્રી જોષીએ કર્યો હતો. આ કાર્યક્રમનું સંચાલન શ્રીમતિ ધૃતિબેન ત્રિવેદી તથા અજમેરા હાઈસ્કુલના અધ્યાપકશ્રી મુકેશભાઈ ત્રિવેદી એ સફળતા પૂર્વક કર્યુ હતું. ખૂબ જ ટુંકા ગાળામાં તેઓ પ્રતિનિધિઓને બોલાવી શકયા તે અભિનંદન પાત્ર છે.

**ઋષિ – કૃષિ અને કૃષિકાર**

"લખ ! હું લખાવું છું તે કાવ્ય, લખ !
લખ કે ખેડુની ગયા ભવની માતાનું દૂધ
ટીપે ટીપે ઝરી
દાણો દાણો બની ઠર્યું છે મકાઈ તણાં ડોડામાં,
છે દૂધનો તકાદો, તું મકાઈ વિશે લખ ! "

કવિ મકાઈ વિશે લખતા હતાં અને પ્રજ્ઞાએ, "મકાઈ ઢોરતણું ખાણ " – એમ કહી હાથ થંભાડયો, ત્યારે...... કવિને આકાશે લખવા સાદ દીધો અને ઉકિત પંકિતઓ સરી પડી – આ કવિ તે આપણા રમેશ પારેખ !

રમેશ પારેખે કાવ્ય તેમજ અનેક ક્ષેત્રે પ્રભુત્વ બતાવ્યું છે. પણ કૃષિ કાવ્યમાં તો એ જુદી જ રીતે ખિલ્યા છે.

" આપણે ઉભય છીએ સર્જકો,
વિશ્વની બે મહાસત્તા–કૃષિકાર અને કવિ !
આપણે તો ભગવાનની અવેજીમાં ધરાને
ધારનાર શકિત છીએ – "

કવિ કૃષિકારને સંબોધી કરુણા વહાવે છે. –

" જેને અસંપૂર્ણ રાખી ભગવાન પોઢી ગયો
એવા જગતની આપણને છે ખેવના.
" આપણે જ વિશ્વની રચના પ્રક્રિયા હવે આગળ ધપાવવાની
વિશ્વ રચતાં થયેલી ઇશ્વરીય ક્ષતિઓને આપણે સુધારવાની.
આપણે જરૂરથી એ ભારને ઉઠાવીશું.
આપણે રચી શકીશું નવું એક વિશ્વ –
– એવી મારી, એટલે કે કવિની આ શ્રધ્ધા છે "

ખેડૂત જેટલી જ કવિની જવાબદારી કવિ અહીં પ્રસ્થાપિત કરે છે – સ્વીકારે છે.

બીજા એક "ઉદ્ગમ" કાવ્યમાં કવિ કણને કર્ણની સાથે સરખાવે છે.

આનંદથી રઘવાઈ હવાઓના હડફેટે આવેલો
કર્ણનો રેફ ખટ્ટ દઈ તૂટે
અને ઉડતોક ચોંટી જાય આભે તે – અમુક સુદ બીજ !
અતઃ ખંડિત કર્ણ (રેફ વિના) કણ !
પછી એ જ કણ –
જોત જોતામાં મણના મણ બની જાય......
વ્યાસ ઋષિનેય નવેસરથી મહાભારત લખવાનું મન થાય....."

કવિની પીઠ થાબડવાનું મન થાય, એવી મીઠી કલ્પના સભર પંકિતઓ છે ને ?

"આવા જ મસ્ત–મજાના ઘઉં નામના કાવ્યમાં કવિ –
'માને મોતીની સરો પરોવતી જોઈને એને પૂછતો કે,
'મા, મા! આ તું શું કરશ ?'
'ઘઉંળી પરોવું છું...... ગગા!' એમ મા કહેતી ત્યારે
તેનું ઘઉં વરણું મોં
મૂઠો એક મોતી થઈ જાતું."

જનની અને ધારીત્રી – આંખો ભીની થાય તેવું મા નું ચિત્ર અહી ખડું થાય છે.

"બાજરી" નામક રવિતામાં કવિ બાવરાના સાથવાની રેસિપીનો નિર્દેશ કરી એના સ્વાદ અને સુગંધને જિંદગીના છેલ્લા શ્વાસ સુધી બહેલાવે છે.–

"એના ખભે હાથ મૂકી હાલો તમે જો,
તો થાકયા વિના
પહોંચાય ઠેઠ છેલ્લા શ્વાસ લગી....
પછી છે તે આપણે અટકીએ કયારેક
તોય સાથવાની સુગંધ તો
એના ખભે ઊંચકી આપણું નામ, ચાલ્યા કરે....
ચાલ્યા કરે......"

"અનાજ ઉર્ફે ખેડુ" કાવ્યમાં વેદના–કવિની અને કૃષિકારની સામટી વલોવાય છે –

"ખેડૂ એ તો કેટકેટલાં જઠરોમાં રોટલાઓ નાંખ્યા
પણ કોઈ એનાં માટે કદી તર્યું નહીં.
રોટલો ફેંકતા ફેંકતા
પોતે જ સમુદ્રમાં ફેંકાઈ ગયો તે સમુદ્રનું નામ છે, પીડા.
આખા વિશ્વમાં હું એક કવિ જ બોલું કે
'લાવ સમુદ્ર! તું મારો ખેડૂ પાછો લાવ' ,પાછો લાવ!"

ચાલો, આપણે પણ આ વેદનામાં સૂર પૂરાવીએ.

રસિકભાઈ ચંદારાણા

પાણીનું ટીપું

પાણીની ટીપું છે.
હવે માત્ર મારી આંગળીયે
પહેરેલી વીટીંમાં જડાયેલું
હીરાની જગ્યાએ.

$\frac{1}{15750}$

પાણીનું ટીપું
કયારેક મારી નિસ્તેજ આંખમાં–
કીકીની જગાએ
તબકતું.

$\frac{1}{15750}$

પાણીનું ટીપું રહે છે
મારા મસ્તકમાં....
થર્મોમીટરના પારાની જેમ
ઊંચું–નીચું થતું–
મારા વિચારોની ગરમી–ઠંડીથી.

$\frac{1}{15750}$

પાણીનું ટીપું હવે માત્ર
કંઠમાં.... સૂર રૂપે,
હોઠમાં શબ્દ રૂપે.

$\frac{1}{15750}$

પાણીનું ટીપું હવે છે માત્ર
તેણીની પાસે
જે તેના પૂથમ પ્રેમ સાથે
હૃદયના પાતાળમાં ભંડારીને,
ધરતીની જેમ જ તે
દુષ્કાળગ્રસ્ત થઈ ચુકી છે.

$\frac{1}{15750}$

પાણીનું ટીપું હવે છે માત્ર
જૂની સંદૂકમાં–
સુકાયેલા આંસુ......
ચીમળાયેલા ફૂલ.....
અને સુકા શબ્દો.....
એ સૌને ભેજ–ભર્યા કરવાના
પ્રયત્નોમાં વ્યસ્ત.

પાણીનું ટીપું હવે છે માત્ર
સાવ સુકકા પાન પર–
જે પરથી માત્ર સરીને પડી શકાય,
અંદર પ્રવેશી ન શકાય.

$\frac{1}{15750}$

પાણીનું ટીપું
હવે માત્ર છે દ્વિધા–
ટચુકડું હું કોને
આર્દ્ર કરું ?
ચપટીક ધૂળને,
એક શ્વાસભર હવાને કે
કોઈ કોરી આંખને ?

$\frac{1}{15750}$

પાણીનું ટીપું
કટ્ટર આતંકવાદી–
ગમે તેને હણી શકે
એક જ પ્રહારે.

$\frac{1}{15750}$

પાણીનું ટીપું
એક એવો કાચ કે જેમાં
આજની
આખી દુનિયા દેખાય છે.

$\frac{1}{15750}$

પાણીનું ટીપું
એટલે તારું મૌન–
જે મને કેટલુંય કહે છે.

$\frac{1}{15750}$

પાણીનું ટીપું, ન પીગળતો પથ્થર
જાણે ઈશ્વર–
આ મૂર્તિની પૂજા કરી
શું મેળવીશું ?

$\frac{1}{15750}$

પાણીનું ટીપું હવે છે માત્ર
"પાણીનું ટીપું"
એમ લખું,
વાંચુ કે બોલું તેમાં......

**હર્ષદ ચંદારાણા**

## વાચક પ્રતિભાવ :

જળસંચય કરતી વ્યકિતઓ/સંસ્થાઓ માટે નવીનતમ માહિતી પુરી પાડી રહયા છો. તે પ્રશંસનીય બાબત ગણાય, અનુભવોની એરણ પર ઘડાયેલ કલમને કાગળ પર ચલાવી જ્ઞાનના સાગરનું અમૃત લોકો સુધી પહોંચાડી રહયા છો તે બદલ આભાર.

* નરેન્દ્રસિંહ ડાભી – જસવંતગઢ (ઈડર–સાંબરકાંઠા)

આપના તરફથી ટપક સામાયિક મળેલ છે. તેમાંથી માહિતી અને જરૂરી માર્ગદર્શક મળેલ છે.

* કનુ લકુમ – ગ્રુપ સંસ્થા, બાવલા

'ટપક' ના માધ્યમથી વિકાસને વેગ આપવાનો આપની સંસ્થાનો ધ્યેય સરાહનીય છે.

* સંજય દવે 'ચરમા'

સ્નેહી શ્રી ધીરૂભાઈ,

'ટપક' નાં સંપાદનમાં આપના સંસ્થાકીય શુભ હેતુઓ સ્પષ્ટ થાય છે. ફકત ચાર પાનામાં, સમાજ ઘડતર માટેની પ્રતિબધ્ધતા ઉડીને આંખે વળગે છે. શ્રી સુરેખાબેન, પ્રકાશભાઈ અને મિત્રોને અભિનંદન. 'ટપક' સૌરાષ્ટ્ર મૈત્રીમંચની સંસ્થાઓ માટે અને સવિશેષ ગ્રામ વિકાસ ના વિષયોમાં આદાન–પ્રદાન કરવા માગતી સંસ્થાઓ માટે ટેકારૂપ બને તે અંગે વિચારી શકાય તો સારૂ.... આ સંબંધે આપને અનુકુળ હોય તો એક ફોરમેટ તૈયાર કર્યું છે. જે ટપકમાં પ્રકાશિત કરી શકો અને સૌરાષ્ટ્ર મૈત્રી પંચની તમામ સંસ્થાને મોકલી શકાય તો આપે લખ્યું છે તેમ કાર્યલક્ષી તાલીમ અને પરસ્પરના અનુભવની આપલે નું કામ વિકાસે.

* ડો નાનક ભટ્ટ

આપના તરફથી સંપાદિત થતી ટપક નામની માસિક આવૃત્તિ અમે રસપૂર્વક વાંચી છે. સંસ્થા ગ્રામ વિકાસ માટે જે મહેનત કરે છે તે દાદ માંગી લે તેમ છે. આપની સંસ્થાની પ્રગતિ અમો ઈચ્છીએ છીએ.

* આર. કે. ગાંધી, આર. પી. ચૌધરી, વી. ઓ. સેતા, કે. આર. ભટ્ટ, કે. ડી. વાળા, વિકાસ ટ્રસ્ટ(L&T) કોવાયા.

પ્રથમ પગલું મહત્ત્યવનું છે. ડગ પછી ડગ મંઝિલ દુર નથી બિંદુનું મૂલ્ય છે, સિન્ધુ સર્જાય છે ! 'ટપક' એ શ્રધ્ધા જગાવી છે સમગ્રતઃ દ્રષ્ટિપૂર્વક આયોજન હોય ધ્યેય સિધ્ધિને વરશે જ.

* રસિકભાઈ ચંદારાણા (ફુલછાબ,જન્મભૂમિના કટાર લેખક)

ફલાઈંગ મીક્ષીંગ સાથે અદ્યતન વિડીયો શુટીંગ તથા
કલાત્મક ફોટોગ્રાફી માટે એક જ નામ
સ્ટુડિયો આનંદ
પ્રો. લાખાણી બ્રધર્સ
જુનાગામ રોડ, મુ. ખાંભા.
જી. અમરેલી. ફોન : ૬૬૪૪૯ (ઘર)

### મને લાગે છે ડર

મને લાગે છે દફતરનો ડર
મમ્મી જોઈને આવે છે ચકકર
કંપાસનો કકળાટ ફુટ છે મોટી
લેસન ભૂલ્યાતાં બેન મારે સોટી
મારે રોજની લાંબી સફર
મને લાગે છે દફતરનો ડર.
ચોપડા થોથાને નોટ નંગ બાર
ખભે લાગે છે મને કોથળાનો ભાર
દુર લાગે છે. શાળાથી ઘર
મને લાગે છે દફતરનો ડર.
આંકની ચાપડીમાં મજાનું ચિત્ર
પણ હું લાગુ જાણે મજુરનો મિત્ર
તોય લેવી છે મારે ટકકર
મને લાગે છે દફતરનો ડર.

બી. આર. વનરા

પટેલ ફૂટવેર એન્ડ જીગર પાન હાઉસ (ભાવરડી)
પ્રો. હર્ષદ ધીરજલાલ પાનેલીયા (પીપળવા વાળા)
બોરવેલના કામ માટે મળો.
૪II x ૬II ના આડા તેમજ ઉભા દાર માટેનું
**: વિશ્વાસ પાત્ર સ્થળ :**
તાલુકા પંચાયત દુકાન નં. –૧, મામલતદાર કચેરી સામે,
મેઈન બજાર, ખાંભા. ફોન : (૦૨૭૯૭) ૬૬૪૫૮

હરેશ ફૂટવેર
પ્રો. દીપક વાળા
દરેક જાતના બુટ, ચંપલ તેમજ સ્લીપરના વેપારી
મેઈન બજાર, ખાંભા.

જય રણછોડ એગ્રો કેમીકલ્સ
**: ઓથો. ડિલર્સ :**
યુનાઈટેડ ફોસ્ફરસ લી.
ગ્રોવેલ એગ્રી પ્રો. પ્રા. લી. શિવ એગ્રો મેન્યુ.
**જંતુનાશક દવા, બિયારણ, સ્પ્રે. પંપના વિક્રતા**
પ્રો. ધીરૂભાઈ પંડયા, દિનેશભાઈ ત્રિવેદી
તાતણીયા (ગીર) જી. અમરેલી.

વોરા જેરામભાઈ રામજીભાઈ
**: અધિકૃત પ્રીફંડ ડીલર :**
ગુજરાત અંબુજા સિમેન્ટ લી.
અંબુજા સિમેન્ટ–ઓઈલ–કેરોસીન–અનાજ
તથા ખોળ–કપાસીયાના વેપારી
મુ. ખડાધાર તા. ખાંભા જી. અમરેલી.

# સંસ્થા સમાચાર

જળસંગ્રહ કાર્ય

તા. ૧.૮.૯૭ થી ખાંભા તાલુકામાં જળસંગ્રહ અભિયાન વોટરશેડ યોજના મારફત શરૂ કર્યુ છે. જેમાં તાલીમ, સંગઠન દ્વારા લોકોમાં આ કાર્ય મહત્તા સમજાઈ ત્યારે વધુ તાલીમ સાથે માર્ગદર્શિકા મુજબ તૈયાર થઈ છે અને મે ૯૮ થી યોજનાના કાર્યોની શરૂઆત થઈ હતી. ચોમાસા પૂર્વેના ટૂંકા ગાળામાં પણ ટીમના સભ્યોએ લોકો સાથે ઉત્સાહભેર કાર્યો શરૂ કરાવી પરિણામો મેળવી શકાય તેવા પ્રયત્ન કર્યા હતા. ચોમાસા દરમ્યાન ખેતીવાડી, પશુપાલન, વનીકરણ જેવા કાર્યો હાથ ધર્યા હતા. ચોમાસા બાદ ફરી જળ સંગ્રહની કામગીરીમાં દરેકે પ્રોજેકટ વિસ્તારના લોકો–સમિતિના સભ્યો તથા ટીમના સભ્યો જોતરાઈ ગયા છે. આગામી ચોમાસા પૂર્વે આ દસ ગામની મહત્તમ કામગીરી પૂર્ણ થાય તેવા લક્ષ્યાંક રાખવામાં આવ્ય છે. હાલમાં આ યોજના હેઠળ રૂા. ૪૦,૬૫,૦૦૦/– લાખનો ખર્ચ થયેલ છે. જેમાં રૂા. ૭,૯૦,૦૦૦/– લોકફાળો એકત્ર થયો છે. ૪૩,૬૨૨ માનવદિન સાથે આ વિસ્તારના લોકોને રોજગારીની નવી તકો સાંપડી છે.

શૈક્ષણિક કાર્ય :

પ્રાથમિક શિક્ષણ મેળવી રહેલા બાળકો પૈકી કોઈ કારણોસર કે કારણ વિના ભણવાનું છોડી દે છે અથવા શાળામાં અમૂક બાળકો દાખલ જ થતા નથી. આ બાળકોને પ્રાથમિક શિક્ષણ મળી રહે તે હેતુથી શરૂ કરાયેલ અવૈધિક શિક્ષણના વર્ગો ભાડ તથા પચપચીયા મુકામે શરૂ થયા હતા. ચાલુ માસમાં કોટડા મુકામે શરૂ થયેલ આ વર્ગમાં ૩૦ બાળકો નિયમિત હાજરી આપે છે.

આવક વૃધ્ધિ કાર્ય :

સંસ્થા દ્વારા ચાલતા તમામ કાર્યક્રમો કાર્યવિસ્તારના લોકોની વ્યકિતગત આવક વધે તે માટે છે પરંતુ બહેનોની આવક વૃધ્ધિ (Income Generating) માટે સંસ્થા દ્વારા શરૂ કરાયેલ બચત જુથો ધીરે ધીરે મજબૂત બની રહયા છે.

ઘોડીયા ઘર :

બહેનોની આવક વૃધ્ધિ સંદર્ભે સહાયક સેવા તરીકે શરૂ કરાયેલ ઘોડીયાઘર કેન્દ્રમાં સંસ્થા દ્વારા સરેરાશ ૩૦ બાળકોને સાચવવામાં આવે છે. જેમાં તેમને પૂર્વ પ્રાથમિક શિક્ષણ, રમતગમત, સાંસ્કૃતિક કાર્યો અને તબિબિ સંભાળ સહિત વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા તેમનો પણ સર્વાંગી વિકાસ થાય તેવા પ્રયત્નો છે.

યુવતિ વિકાસ કેન્દ્ર :

જાન્યુઆરી ૯૯ સુધીમાં આ કેન્દ્ર પર વ્યકિતગત માર્ગદર્શન ૩૧૫ બહેનોએ મેળવેલ છે ચાલુ માસ દરમ્યાન ૩૬ બહેનો એ જુદા જુદા વિષયો પર માર્ગદર્શન મેળવેલ છે. સંસ્થા દ્વારા જેટલા સામૂહિક કાર્યક્રમો પણ યોજવામાં આવ્યા છે. આગામી ૮ માર્ચના દહેજ મુકિત અભિયાન એ વિષય પર એક વકતૃત્વ સ્પર્ધાનું આયોજન કરેલ છે.

વ્યવસાયિક તાલીમ :

સંસ્થાના આ કેન્દ્ર દ્વારા કોમ્પ્યુટર તાલીમનો વર્ગ તા. ૩/૩/૯૯ ના રોજ પૂર્ણ થાય છે. આ છ મહિનાની તાલીમ કાર્યશાળામાં ૨૫ બહેનો જોડાઈ હતી. તેઓ પોતાના ભવિષ્યના કાર્યમાં પોતાની આવક વધારવા માટે આ તાલીમનો પુરે પુરો લાભ મેળવી શકશે.

સંમેલન : સૌરાષ્ટ્ર મૈત્રી મંચ

તા. ૨૦/૧૨/૯૮ ના રોજ જુનાગઢ મુકામે યોજાયેલ મિલન કાર્યક્રમમાં સંસ્થાના પ્રતિનિધિ કુ. સુરેખા મહેતાએ ભાગ લીધો હતો. સૌરાષ્ટ્રની સો એક જેટલા સ્વૈચ્છિક સંસ્થાના મિત્રોએ પોતાના વિચારો રજુ કર્યા હતા. ત્યાર બાદ તા. ૨૧/૨/૯૯ એ ફરી સુરેન્દ્રનગર મુકામે યોજાયેલ સંમેલનમાં શ્રી વજુભાઈ ગોવીંદીયા એ ઉપસ્થિત રહી નેટવર્કમાં સહયોગી બન્યા હતા.

લોક વિજ્ઞાન કેન્દ્ર :

તા. ૨૧/૨/૯૯ ના રોજ લોક વિજ્ઞાન કેન્દ્ર રાજકોટ ખાતે જળસંગ્રહ કાર્ય સાથે સંકળાયેલા ગ્રામીણ ક્ષેત્રના કાર્યકર્તાઓ માટે માર્ગદર્શક સંમેલનનું આયોજન થયેલ જેમાં સંસ્થા તરફથી શ્રીમગનભાઈ સેંજલીયા (પચપચીયા) તથા નીતાબેન કરચલીયા (રબારીકા) ઉપસ્થિત રહયા હતા.

તાલીમ : પેરાલીગલ તાલીમ

સામાજિક ન્યાય કેન્દ્ર તથા અમરેલી કાનુની શિક્ષણ અને સહાય કેન્દ્ર દ્વારા યોજાયેલ પરાલીયલ તાલીમમાં અમરેલી જિલ્લાની પંદરેક સ્વૈચ્છિક સંસ્થાઓના કાર્યકર્તાઓ જોડાયા હતા. દલિતો, મહિલાઓ વિ. ઉપેક્ષિત જુથો માટે જાગૃતિ અને માર્ગદર્શનના હેતુથી યોજાયેલ આ તાલીમમાં શિક્ષણ કેન્દ્ર–અમરેલી ના સાથી મિત્રો દામેન્દ્ર મહેતા તથા દયા ચૌહાણ દ્વારા આ તાલીમ પૂર્ણ કરવામાં આવી હતી. જુદા જુદા વિષય પરના અલગ અલગ મોડયુલ દ્વારા છ માસના ગાળા દરમ્યાન યોજાયેલ આ તાલીમ તાલીમાર્થીઓને પોતાના કાર્યમાં ખૂબ જ ઉપયોગી થશે. આ તાલીમનું સંચાલન ફેલો એડવોકેટ શ્રી અશ્વિનભાઈ ઠુંમરે એ ભારે જહેમત લઈને કરેલ છે.

યુવતિ કો–ઓર્ડીનેટર તાલીમ :

વિમેન્સ એકશન ગ્રુપ દ્વારા (અવાજ) દ્વારા ગુજરાતમાં ચાલી રહેલા યુવતિ વિકાસ કેન્દ્રના કો–ઓર્ડીનેટર કુ. મમતા ગોસ્વામી ઉપરાંત રાજયનાં અન્ય ૪૦ બહેનો જોડાયા હતા.


પુસ્તપ્રેષ – મુદ્રિત સામગ્રી

**PL No. L2/6/Amr-91/99 - 16-2-99**


પ્રતિશ્રી, ____________________

____________________

____________________

____________________


: ટપક કાર્યાલય :

શિક્ષણ સમાજ કલ્યાણ કેન્દ્ર

૯૫,જલારામ નગર – ૨ અમરેલી

ફોનઃ (૦૨૭૯૨) ૨૩૫૨૫ : ૨૦૬૩૫